नामांक Roll No.

Question Booklet No.

No. of Questions – 20

No. of Printed Pages – 7

**SS-24-Gujarati Sah.**

# उच्च माध्यमिक परीक्षा, 2026

# SENIOR SECONDARY EXAMINATION, 2026

## गुजराती साहित्य

**समय : 3 घण्टे 15 मिनट**

**पूर्णांक : 80**

પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

3) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

4) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

## વિભાગ – અ (A)

**1.** નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો.

1) ગંગાસતી કોના વચનોમાં વિશ્વાસ રાખવાનું કહે છે ? **[1]**
A) લોકોના B) ગુરુના C) મિત્રોના D) દાદાના

2) ટ્રવને કારણે કોને ડાહ્યો કહેવામાં આવે છે ? **[1]**
A) ઘેલાને B) ગરીબને
C) ઈમાનદારને D) સજ્જનને

3) 'ના હઠવું' કાવ્યમાં કોના પરાક્રમની વાત કરવામાં આવી છે ? **[1]**
A) કાયરના B) શૂરવીરના
C) રાજાના D) ધનવાનના

4) દાદાજી ક્યારે વાર્તા કહેતા હતા ? **[1]**
A) સવારે B) બપોરે C) સાંજે D) રાત્રે

5) 'ચાલ ફરીએ' કાવ્યમાં કવિએ કોને ચાહવાની મનીષા પ્રગટ કરી છે ? **[1]**
A) માતાને B) ભાઈને
C) સકલ સૃષ્ટિને D) પિતાને

6) 'મળે એટલું માણ' કાવ્યમાં તૃષ્ણાને કોના જેવી કહેવામાં આવી છે ? **[1]**
A) આકાશ જેટલી ઊંચી
B) ધરતી જેવી વિસ્તૃત
C) સમુદ્રની જલલહેરી જેવી અખૂટ
D) જંગલમાં લાગનાર આગ જેવી

7) કવિ કોને ધરાઈને જોઈ લેવાની વાત કરે છે ? **[1]**
A) સમુદ્રને B) પરિચિતોને C) આકાશને D) વનોને

8) 'ચહેરો' પાઠમાં કોના સંબંધની કલાત્મક રજૂઆત કરવામાં આવી છે ? **[1]**
A) પતિ-પત્નીના B) ભાઈ-બહેનના
C) મા- દીકરાના D) માતા-પિતાના

9) 'આંગળી ઝાલીને એને દોરજે' પાઠમા લેખક કોને દોરવાની વાત કરે છે ? [1]
A) પુત્રને B) માતાને C) પિતાને D) ભાઈને

10) કંસારી કોણ હતી ? [1]
A) અભિનેત્રી B) ડોક્ટર C) સિપાહી D) રાજકુંવરી

11) કયું શહેર બ્લડ-ડોનેશનની પ્રવૃત્તિમાં ભારતમાં મોખરાનું સ્થાન ધરાવે છે ? [1]
A) મુંબઈ B) અમદાવાદ C) દિલ્હી D) રાજકોટ

12) "આપણે કોઈ દિવસ ઊંચા જ નહી આવવાના" વાક્યમાં આપણે એટલે કોણ ? [1]
A) અમેરિકાવાસી B) જાપાનવાસી
C) ભારતવાસી D) લંડનવાસી

13) મીનુ ની કોની સાથે પાકી દોસ્તી જામી ? [1]
A) બા B) લેખક C) લેખકના મિત્ર D) શૈલી

14) લેખકને જેસલમેરમાં કેટલો સમય ગાળવાનું સદ્ભાગ્ય મળ્યું હતું ? [1]
A) પાંચ માસ B) ત્રણ માસ
C) ચાર માસ D) સાત માસ

15) 'પેટ' હાસ્ય નિબંધમાં લેખક આપણને શેના વિશે સભાન કરે છે ? [1]
A) આંખ B) પેટ C) નાક D) કાન

16) વર્ષાને ઘરમાં બધાં શું કહે છે ? [1]
A) બુલબુલ B) ચુલબુલ
C) નટખટ D) સિલબિલ

17) 'પૃથ્વી' છંદમાં કેટલા અક્ષરો હોય છે ? [1]
A) 18 B) 14 C) 17 D) 15

18) 'હરિણી' છંદમાં યતિ ક્યા-ક્યા સ્થાને આવે છે ? [1]
A) 4 અને 10 મા અક્ષરે B) 6 અને 12 મા અક્ષરે
C) 8 મા અક્ષરે D) 8 મા અને 17 મા અક્ષરે

**2.** નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.

1) તડકો તો ઈશ્વરનું ________ **[1]**

2) ચાલો સંગાતીઓ ________ ઓરવા જઈએ. **[1]**

3) મમ્મી અનન્યાને _________ લેવાની ના પાડતી હતી. **[1]**

4) _________ ના અભાવે પ્રકૃતિની સર્વ સમસ્યાઓ ઊભી થાય છે. **[1]**

5) __________ ની વિશેષતા બતાવનાર શબ્દને ક્રિયાવિશેષણ કહે છે. **[1]**

6) જે નામને બદલે વપરાય તેને ___________ કહેવામા આવે છે. **[1]**

**3.** માગ્યા પ્રમાણે ઉત્તર લખો.

નીચેના અપઠિત  ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

અભ્યાસનું મહત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે. પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી.  અભ્યાસ વિના સંસ્કાર દ્રઢ થતા નથી એ જણાયુ  એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ, દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે. ભયથી, લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે. પણ એમાં અભ્યાસ કરનારની વિવેક બુદ્ધિને ખીલવવી નથી પડતી સરકારના મેનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે. શાળામાં શિક્ષકો પણ એજ રીત અજમાવે છે. ઘણા ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે પાડેલી ટેવમાંથી જયારે વિશ્વાસ ઊઠી જાય ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.

**પ્રશ્નો** :-

1) આપણે અભ્યાસનું મહત્વ શા માટે સ્વીકારીએ છીએ ? **[1]**

2) દરેક ક્રિયા કઈ ત્રણ રીતે કરી શકાય ? **[1]**

3) કઈ રીતોમાં અભ્યાસ કરવાથી વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી ? **[1]**

4) ભયથી કે લાલચથી પડેલી ટેવો ક્યારે નાશ પામે છે ? **[1]**

5) ગદ્યખંડને યોગ્ય શિર્ષક આપો. **[1]**

નીચેનો પઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

હવે આપણે જો સાચા શિક્ષણની શરૂઆત કરવી હશે તો આપણે આપણી પ્રકૃતિ સાથે આપણી ખેતીનો સંબંધ સમજવો પડશે. કૃષિમાંથી વધુ ઉત્પાદન લેવાનો મોહ છોડી દઈએ. વધુ ઉત્પાદન માટે ખેતીને આપણે ઝેર પીવડાવીએ છીએ. ઝેર પીવડાવવાને બદલે આપણે એને અમૃત પીવડાવીએ. આ અમૃત એટલે વાદળોમાંથી વરસતાં વર્ષાબિંદુ, આ ઉપરાંત હવે પછીની પેઢીમાં શ્રમનિષ્ઠા, ઉદ્યમ કરીને જ આહાર લેવાની ટેવ પાડવાનું શિક્ષણ આપો, ૨૧ મી સદીમાં આપણી સામે સૌથી મોટો પડકાર છે શિક્ષણનું બજારીકરણ. આજે આવાં બજાર ખાનગી વિશ્વવિદ્યાલયો બની રહ્યાં છે. આવાં વિશ્વવિદ્યાલયોને અટકાવી ન શકાય તો ઓછામાં ઓછું એના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીએ. એ સંવાદ દ્વારા એમને પ્રકૃતિના જતન, જીવનના સંવર્ધન, શ્રમનિષ્ઠ જીવન તરફ લઇ જઈ શકીએ કે નહિ? જે એમ નહિ થાય તો આ બજારો આપણું સર્વસ્વ ઓહિયાં કરી જવા તૈયાર બેઠાં છે.

**પ્રશ્નો :-**

6) આપણે સાચાં શિક્ષણની શરૂઆત કેવી રીતે કરી શકીએ ? **[1]**

7) વધુ ઉત્પાદન માટે આપણે શું કરીએ છીએ ? **[1]**

8) લેખક ખેતીને કયું અમૃત પીવડાવવાનું કહે છે ? **[1]**

9) હવે પછીની પેઢીને કેવા શિક્ષણની જરૂર છે ? **[1]**

10) ૨૧મી સદીમાં આપણી સામે સૌથી મોટો પડકાર કયો છે ? **[1]**

નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો.

11) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ આપો.

i) વ્યવસાય **[½]**

ii) ઉદ્યમ **[½]**

12) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

i) એકજ વર્ગમાં સાથે ભણનાર **[½]**

ii) ઇચ્છા અનુસાર બધું આપનાર વૃક્ષ **[½]**

## <u>વિભાગ – બ (B)</u>

નીચે આપેલા પ્રશ્નોના બે થી **ત્રણ** વાક્યમાં ઉત્તર લખો.

4. કવિ જીવન જીવવાની કઈ કળા આપવાની વાત કરે છે ? **[2]**

5. તડકાનું આગમન ક્યારે અને ક્યાંથી થાય છે ? **[2]**

6. "દીકરો હોય તો ચાકરીએ જાય" એવું દાદા શા માટે માને છે ? **[2]**

7. પત્ર લેખકના મતે આ જગતના લોકો કેવા કેવા છે ? **[2]**

8. કંસારીના ક્યાં ત્રણ મિત્રો તેના કામમાં મદદ કરતાં હતાં ? **[2]**

9. મમ્મી અનન્યાને જ્યારે-ત્યારે ભણવાની વાત શા માટે કરે છે? **[2]**

10. પાણીની અછતને કારણે ગામની સ્થિતિ કેવી જણાઈ ? **[2]**

11. "રૂપક' અથવા 'શ્લેષ' અલંકારની પરિભાષા લખી ઉદાહરણ આપો ? **[2]**

12. નીચે આપેલા વાક્યને <u>નિષેધ</u> વાક્યમાં ફેરવો
   i) અમારે ત્યાં ઓછું પાણી વરસે છે. **[1]**
   ii) તમે બહાદુર છો. **[1]**

13. નીચેના વાક્યોનો હિન્દી ભાષામાં અનુવાદ કરો.
   i) મને ભણાવવા મનુકાકા પાસે માત્ર ત્રણ શબ્દ હતા. **[1]**
   ii) પેટના પ્રશ્નનો ઉકેલ લાવવો ઘણો જ કઠિન છે. **[1]**

## <u>વિભાગ – સ (C)</u>

નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.

14. કાવ્યના આધારે સાચા હરિજનના લક્ષણો વર્ણવો ? **[3]**

**અથવા**

પૈસો જોઇને માણસનું મન શા કારણે ડગી જાય છે ?

**15.** હિંમત ત્યજનારા માટે કવિના શા વિચારો છે ? **[3]**

**અથવા**

કલ્યાણ કોના માર્ગને અનુસરે છે ? શા માટે ?

**16.** ડૉકટરે અમરા પાસેથી દવાના પૈસા કેમ ના લીધા ? **[3]**

**અથવા**

લેખકે મુંડન શા માટે કરાવ્યું હતું ?

**17.** જેસલમેરના કિલ્લામાં ક્યાં ક્યાં મંદિરો આવેલાં છે ? **[3]**

**અથવા**

વર્ષાનું હૈયું જાણે ધબકારો શા કારણે ચૂકી ગયું ?

## વિભાગ – દ (D)

**18.** નીચેની પંક્તિઓ સમજાવો. **[3]**

"ફતેહ કરીને આગળ વધશું, અથવા અહીંયા મરશું;

પણ લીધેલું તે પાળીશું, રે વજ્જરનું કરશું."

**અથવા**

"કલ્યાણ હૈયે હતી દેશદાઝ વ્હાલી હતી એ થકી કુળલાજ"

**19.** નીચે આપેલ કાવ્યપંક્તિનો વિચાર – વિસ્તાર કરો. **[4]**

"તારી હાક સૂણી કોઈ ના'વે તો તું એકલો જાને રે."

**અથવા**

"સ્વદેશે પૂજયતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજયતે."

**20.** નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર નિબંધ લખો. **[5]**

i) સમયનું મૂલ્ય

ii) પુસ્તકો આપણા મિત્રો

iii) મારી પ્રિય રમત

iv) ઈન્ટરનેટ – ફાયદાઓ અને નુકશાન

DO NOT WRITE ANYTHING HERE